**<u>મે.દેત્રોજના જ્યુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ. દેત્રોજ, જી. અમદાવાદ</u>**

**ફો.કે.નંબર – ૧૭૨/૨૦૨૫**

**આંક– ૧૬**

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :– વિજયસિંહ પુનભા સોલંકી

રહે. ભંકોડા, તા.દેત્રોજ, જી.અમદાવાદ

<u>ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી તેમજ એમ.વી.એકટ કલમ–૧૮૫ મુજબ.</u>

**<u>–: ઠરાવ:–</u>**

(૧) આરોપી સામેના ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.જે સંબંધેની ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલા આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરશીસ આ અદાલતમાં આપેલ છે. જેથી ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ આવેલ છે. જેમા પણ આરોપીએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે. કે ગુન્હો કબુલ કરવા તે બંધાયેલા નથી તેમ છતા તેમની કબુલાતને વળગી રહેલ છે. જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાતરી થતાં તે મંજુર કરવામાં આવેલ છે અને આરોપી તેમની સામેના આક્ષેપિત મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) આ કામે આરોપી સ્વૈચ્છીક રીતે ગુન્હો કબુલાત કરતા હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સિવાય કોર્ટ પાસે કોઈ વિકલ્પ નથી. આ કામે આરોપીએ કાયદાની આંટીઘુંટીનો લાભ મેળવવાનો પ્રયત્ન કર્યા વગર સ્વૈચ્છીક રીતે ગુન્હો કબુલ કરેલ છે તે સંજોગોમા નામ.ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરલાલ હરખચંદજી ઠાકોર–૨૦૦૫ જી.એલ.આર.પાના નં.૭૦૯ થી નોંધાયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, જો આરોપીનો પ્રથમ ગુન્હો હોય અને હળવી સજા કરવા માટે પુરતા કારણો જણાઈ આવતા હોય તો, કોર્ટ કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ફરમાવી શકે છે.

**– :: હુકમ :: –**

આ કામના આરોપી વિજયસિંહ પુનભા સોલંકી રહે. ભંકોડા, તા.દેત્રોજ, જી.અમદાવાદ નાઓને બી.એન.એસ.એસ. ૨૦૨૩ની કલમ ૨૭૫ અન્વયે પ્રોહી એક્ટ ૬૬ (૧)બી તથા એમ.વી.એક્ટ કલમ ૧૮૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂ. ૨૧૦૦/– (અંકે રૂપિયા બે હજાર એકસો પુરા) દંડનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૧૦ (દસ)ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ અંગે કોઇ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ ગણવો અને મુદામાલ અંગે કોઇ હુકમ કરેલ ન હોય તો મુદામાલ અંગે તપાસ કરનાર અમલદારે માલીકીની ખરાઇ કરી મુદ્દામાલ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૪મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ–દેત્રોજ
તા.૧૪.૦૩.૨૦૨૬

(હર્ષ શાંતીભાઈ રાઠોડ)
જ્યુડી.મેજી.ફ.ક.,દેત્રોજ
કોડ નં.જી.જે.૦૧૭૭૪